સાહિત્ય-સંરક્ષણ

પૂર્વકાલીન શૃંખલાબદ્ધ ઇતિહાસ જળવાઈ શકે તેમ પૂર્વપુરુષોની અમૂલ્ય વાણી સંભાળવામાં જૈન સમાજે વાપરેલી દીર્ઘદર્શિતા માટે પૂર્વ અને પશ્ચિમના સાક્ષરો મુક્તકંઠે પ્રશંસા કરી રહ્યા છે; કેમ કે જૈન સાક્ષરોએ ઇતિહાસ-સંરક્ષણની શરૂઆત શીલાલેખો, તામ્રપત્રો અને સંજ્ઞાસૂચક ચિત્ર-પટોથી સદીઓ પહેલાં કરી અને તે સાથે સાહિત્ય-સંરક્ષણ અર્થે તાડપત્રો તથા ભોજપત્રોનો[1] ઉપયોગ શરૂ કરી દીધો અને શોધક દૃષ્ટિએ આગળ વધીને કાપડ[2] તથા જાડા કાગળોમાં શાસ્ત્રગ્રંથોને હાથે લખાવીને સેંકડો ગમે સાહિત્યનો વિકાસ કર્યો. તથા તે સાધનો યાવત્ચંદ્ર-દિવાકરૌ જળવાઈ રહે તે માટે તેને આગ, પાણી કે જીવજંતુ સ્પર્શ ન કરી શકે તેવી સલામત યોજનાથી ડાબડા તથા ભંડારોમાં સંરક્ષણ આપ્યું: એ વાતની અગમ્ય ભંડારો, ભોંયરાઓ અને થાંભલાઓમાં છુપાયેલો ગ્રંથસંગ્રહ અત્યારે પણ ખાતરી આપે છે.

મળેલાં સાધનો ઉપરથી જાણી શકાય છે કે સૈકાઓ પહેલાંથી સાહિત્ય-લેખન અને સંગ્રહ માટે દરેક ગચ્છના સમર્થ આચાર્યાદિ મુનિવર્ગના ઉપદેશથી કે પોતાના આંતરિક ઉલ્લાસથી અનેક રાજાઓ, મંત્રીઓ તેમ જ ધનાઢ્ય ગૃહસ્થોએ તપશ્ચર્યાના ઉદ્યાપન નિમિત્તે, જિનાગમશ્રવણ નિમિત્તે, પોતાના અથવા પોતાના પરલોકવાસી સ્વજનના કલ્યાણ અર્થે, સાહિત્ય પ્રત્યેની પોતાની અભિરુચિને કારણે અગર તેવા કોઈ પણ શુભ નિમિત્તે નવીન પુસ્તકાદર્શો લખાવીને અથવા પુરાતન જ્ઞાનભંડારો મેળવીને મોટા મોટા જ્ઞાનભંડારોની સ્થાપના કરીને જ્ઞાનનો પ્રચાર કર્યો છે. આ સ્થળે ધ્યાનમાં રહેવું જોઈએ કે, સાધારણમાં સાધારણ વ્યક્તિઓએ પણ ઉપરોક્ત શુભ નિમિત્તોમાંનું કોઈ પણ નિમિત્ત પ્રાપ્ત થતાં મહત્ત્વપૂર્ણ ફાળો આપવામાં પાછી પાની નથી કરી.

---

૧. માત્ર યતિઓના જમાનામાં અર્થાત્ સત્તરમી અને ખાસ કરીને અઢારમી–ઓગણીસમી સદીમાં અવ્યવસ્થિત રીતે લખાયેલ કેટલાક મંત્રો ભોજપત્ર પર જોવામાં આવે છે.

૨. પાટણના સંઘના ભંડારમાં કપડા ઉપર લખેલાં બે પુસ્તકો છે, જેમાનું એક સંવત ૧૪૧૮ માં લખેલું ૨૫×૫ ઇંચના કદવાળાં ૯૨ પાનાંનું છે. સામાન્ય ખાદીના કપડાના બે ટુકડાને ચોખાની લહીથી ચોડી તેની બન્ને બાજુએ લહી ચોપડી અકીકના અગર તેવા કોઈ પણ ઘૂંટાથી ઘૂંટી તેના ઉપર લખવામાં આવેલ છે. આ સિવાય ચોમાસાની વિજ્ઞપ્તિ, સાંવત્સરિક ક્ષમાપના, કર્મગ્રંથનાં યંત્રો, અનાનુપૂર્વી આદિ પણ એકવડા કપડા ઉપર લખાયેલ મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યપાદ શ્રીમાન દેવર્ધિગણી ક્ષમાશ્રમણે ગ્રંથલેખનનો આરંભ કરાવ્યો ત્યારે અને તે પછી અનેક સમર્થ તેમ જ સાધારણ વ્યક્તિઓએ વિશાળ જ્ઞાનભંડારોની સ્થાપના કરી છે. એનું સંપૂર્ણ સંશોધન કરવું અશક્ય છે. પરંતુ ઉપલક નજરે જોતાં સાહિત્યરસિક મહારાજા સિદ્ધરાજ જયસિંહે ત્રણસો લહિયા એકઠા કરી સર્વ દર્શનના ગ્રંથો લખાવી રાજકીય પુસ્તકાલયની સ્થાપના કર્યાનો તથા આચાર્ય હેમચંદ્રકૃત સવાલાખ શ્લોકપ્રમાણ વ્યાકરણ ગ્રંથની સેંકડો પ્રતિઓ લખાવી તેના અભ્યાસીઓને દેશ-પરદેશમાં ભેટ મોકલાવ્યાનો ઉલ્લેખ 'પ્રભાવકચરિત્ર' તથા 'કુમારપાલપ્રબંધ'માં છે. મહારાજા કુમારપાલને માટે પણ કુમારપાલપ્રબંધાદિમાં એકવીશ જ્ઞાનભંડાર સ્થાપ્યાનો તથા પોતાના રાજકીય પુસ્તકાલય માટે જૈન આગમ ગ્રંથો અને આચાર્ય શ્રી હેમચંદ્રવિરચિત યોગશાસ્ત્ર, વીતરાગસ્તવની હાથપોથી સ્વર્ણાક્ષરે લખાવ્યાની નોંધ છે.

મંત્રીઓમાં જ્ઞાનભંડાર લખાવનાર મહામાત્ય વસ્તુપાલ–તેજપાલે નાગેંદ્રગચ્છીય આચાર્ય વિજયસેન તથા ઉદયપ્રભસૂરિના ઉપદેશથી જ્ઞાનભંડારો લખાવ્યાની નોંધ જિનહર્ષગણિકૃત 'વસ્તુપાલ-ચરિત્ર', 'ઉપદેશ તરંગિણી' આદિમાં નજરે પડે છે. તેમ જ માંડવગઢના મંત્રી પેથડ શાહે તપગચ્છીય આચાર્ય ધર્મઘોષસૂરિ પાસે આગમ શ્રવણ કરતાં ભગવતીસૂત્રમાં આવતા વીર–ગૌતમ નામની સોનાનાણાથી પૂજા કરી, તે એકઠા થયેલ દ્રવ્યથી પુસ્તકો લખાવી ભરૂચ આદિ સાત સ્થાનોમાં ભંડાર સ્થાપ્યા હતા. આ ઉપરાંત ગૃહસ્થોમાં, ખરતરગચ્છીય આચાર્ય જિનભદ્રના આદેશથી ધરણા શાહે, મહોપાધ્યાય શ્રી મહીસમુદ્રગણીના ઉપદેશથી નંદુરબારનિવાસી સં. ભીમના પૌત્ર કાલુએ, આગમગચ્છીય શ્રી સત્યસૂરિ, જયાનંદસૂરિ અને વિવેકરત્નસૂરિના ઉપદેશથી પેથડશાહ, મંડલીક તથા પર્વત–કાન્હાએ નવીન ગ્રંથો લખાવી જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા.

આજ સુધીમાં આવા સેંકડો જ્ઞાનભંડારો ઊભા થયા અને કાળની કુટિલતાને બળે, રાજ્યની ઊથલપાથલને લીધે કે જૈન સમાજની અજ્ઞાનતાને લીધે તેમાંના ઘણા શીર્ણ–વિશીર્ણ થઈ ગયા. અને ઘણા માલિકીના મોહમાં કે અજ્ઞાનતાથી ઉધેઈના મુખમાં અદૃશ્ય થયા કે જીર્ણ દશાને પામ્યા. આ ઉપરાંત પાણીથી ભીંજાઈને ચોંટી જવાથી અથવા તો બગડી જવાને કારણે, ઉંદર આદિએ કરડી ખાધેલ હોવાને લીધે, ઊથલપાથલના સમયમાં એકબીજા પુસ્તકોનાં પાનાંઓથી ખીચડારૂપ થઈ અવ્ય-વસ્થિત થવાને કારણે અગર તેવા અન્ય કોઈ પણ કારણે વહેતી નદીઓમાં, દરિયામાં અથવા જૂના કૂવાઓમાં પધરાવીને સેંકડો ગ્રંથો ગુમાવી દેવાયા તેની તો બહુ થોડાઓને જ ખબર હશે. આવા જ ફેંકી દેવાને તૈયાર કરાયેલ અનેક સ્થળના કચરારૂપ મનાતાં પાનાંઓના સંગ્રહમાંથી વિજ્ઞ મુનિવર્ગે કેટલાયે અશ્રુતપૂર્વ, અલભ્ય તેમ જ મહત્ત્વના સેંકડો ગ્રંથો શોધી કાઢ્યા છે, એ વાત જો ધ્યાનમાં રહે તો એવા નષ્ટ થતા અનેક કીમતી ગ્રંથો હજુ પણ મળી શકે.

જેમ જૈન સંઘે મોગલોની ચડાઈના જમાનામાં પ્રતિમાઓના રક્ષણ માટે મંદિરની અંદર ગુપ્ત અગમ્ય માર્ગવાળાં તેમ જ અકલ્પ્ય ઊંડાઈવાળાં ભૂમિગૃહો–ભોંયરાંની સંકલના વિચારી હતી, તેમ જ્ઞાનભંડારોની રક્ષા માટે જેસલમેરનો કિલ્લો જોવાથી ત્યાંના ભંડારને કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવતા હતા તે સમજાશે. આચાર્ય સિદ્ધસેન માટે એમ સાંભળવામાં આવે છે કે તેમણે ગુપ્ત સ્તંભને ઔષધિ વડે ઉઘાડી તેમાંથી મંત્રામ્નાયનાં કેટલાંક ઉપયોગી પુસ્તકો બહાર કાઢ્યાં અને સ્તંભ અચાનક જમીનમાં ઊતરી ગયો. આવાં (તિલસ્માતી) ગુપ્ત સ્તંભો કે મકાનોમાં કેટલુંય મંત્રસાહિત્ય સદાને માટે અદૃશ્ય પડ્યું હશે, તે કલ્પના બહાર રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાચીન સાહિત્યને આ રીતે પ્રકાશિત કરીને તેના સંરક્ષણ માટે પુસ્તક મૂકવાની પેટી, મંજૂસ કે કબાટ આદિ જમીનથી અદ્ધર રાખવાનો રિવાજ છે કે જેથી ધૂળ, ઉધેઈ કે ઉંદર ઉપદ્રવ કરી શકે નહિ. તેમ જ હસ્તલિખિત પુસ્તકોની શાહીમાં ગુંદર પડતો હોવાથી શરદી લાગતાં તે ચોંટી ન જાય તે માટે ગ્રંથભંડારનું સ્થાન ભેજરહિત તેમ જ ચોમાસાનું પાણી ન ઊતરે તેવું પસંદ કરવામાં તથા દરેક ગ્રંથને મજબૂત રીતે બાંધીને રાખવામાં આવે છે. જૈન હસ્ત-લિખિત ભંડારના કાર્યવાહકો ચોમાસામાં ભંડારને ઉઘાડતા નથી તેનું કારણ પણ પુસ્તકોને હવા ન લાગે એ છે.

આટલી સંભાળ છતાં જો કોઈ પાનાં શાહીના દોષથી ચોંટીને રોટલા જેવાં થઈ ગયાં હોય, તો તેવાં પુસ્તકને ઉખાડવા માટે પાણિયારામાંની સૂકી જગ્યામાં અથવા પાણી ભર્યા બાદ ખાલી કરેલ ભીનાશ વિનાની પણ પાણીની હવાવાળી માટલી કે ઘડામાં જલમિશ્રિત શરદી લાગે તેમ મૂકવાં અને તે હવાની અસર થવા પછી ચોંટી ગયેલ પાનાંને ધીરે ધીરે ઉખાડવાં. જો વધારે ચોંટી ગયેલ હોય તો તેને વધારે પ્રમાણમાં શરદી લાગ્યા પછી ઉખાડવાં, પણ ઉખાડવા માટે ઉતાવળ ન કરવી. ચોમાસામાં પુષ્કળ વરસાદના ભેજની અસર પણ એ કામ કરે છે. આવાં પાનાં ફરીથી ચોંટી ન જાય માટે તેવા દરેક પાના ઉપર ગુલાલ છાંટી દેવો. આ ઉપાય કાગળના પુસ્તક માટે છે.

જો તાડપત્રીય પુસ્તક ચોંટી ગયું હોય તો એક કપડાને નીતરે તેમ પાણીમાં ભીંજાવી તેને પુસ્તકની આસપાસ લપેટવું અને જેમ જેમ પાનાં હવાતાં જાય તેમ તેમ ઉખાડતા જવું. તાડપત્રીય પુસ્તકની શાહી પાકી હોવાથી તેની આસપાસ નીતરતું કપડું લપેટતાં તેના અક્ષરો ભૂંસાવાનો કે ખરાબ થવાનો ભય રાખવો નહિ.

વર્ષાઋતુમાં જ્ઞાનભંડારોમાં પેસી ગયેલ સ્નિગ્ધ હવા ઉરાડવાને કાર્તિક માસમાં શરદ્દઋતુની પ્રૌઢાવસ્થા હોઈ સૂર્યનો પ્રખર તાપ અનુકૂળ છે. તેથી કાર્તિક શુક્લ પંચમી (જ્ઞાનપંચમી) માટે જ્ઞાન-ભક્તિનું માહાત્મ્ય જણાવ્યું છે. પરંતુ અત્યારે આ પર્વના હેતુને સમજીને પુસ્તક-ભંડારો તપાસવા, ત્યાંનો કચરો સાફ કરવો, પુસ્તકોને તડકો દેખાડવો, બગડી ગયેલ પુસ્તકો સુધારવાં, તેમાં જીવડાં ન પડે તે માટે મૂકેલ ઘોડાવજના ભૂકાની પોટલીઓ બદલાવવી, આદિ કશું જ ન કરતા માત્ર જૈનોની વસ્તીવાળાં ઘણાંખરાં નાનાં–મોટાં નગરોમાં થોડાંઘણાં, જે હાથમાં આવ્યાં તે, પુસ્તકોની આડંબરથી સ્થાપના કરી તેની પૂજા-સત્કાર આદિથી જ કૃતકૃત્યતા માનવામાં આવે છે. તો આશા છે કે જ્ઞાનના ઉપાસકો અને જ્ઞાનભંડારના સંરક્ષકો જ્ઞાનભક્તિનો મર્મ સમજી યથાવિધિ જ્ઞાનોપાસનાનો અપૂર્વ લાભ લેશે.

['જૈન' સાપ્તાહિક, રજત મહોત્સવ ગ્રંથ, વસંતપંચમી, સં. ૧૯૮૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org